# ફાસ્ટ રિવિઝન

## મે ૨૦૨૦



Most IMP
Current Affairs

www.crackgpsc.com

Crack GPSC

# મે ૨૦૨૦

## (૧ થી ૩૦ એપ્રિલ, ૨૦૨૦)

## સ્પેશ્યલ થેન્ક્સ

**શ્રી એમ. કે. પ્રજાપતિ સાહેબ**
**(ડે. કલેક્ટર)**

**પોતાની વ્યસ્તતામાંથી પણ સમય કાઢીને વિદ્યાર્થીઓ માટે ફ્રી કરન્ટ અફેર્સ, વિવિધ વિષયોની નોટ્સ તથા સતત માર્ગદર્શન આપવા બદલ.**

**We are famous for...**

**The Most IMP,**
**Authentic,**
**To the point,**
**Up to date**
**material**

Crack GPSC



# Most Imp Current Affairs

## 1 એપ્રિલ

- યસ બેંકના બોર્ડની 8 સભ્યોની નિયુક્તિ સાથે નવરચના. સુનીલ મહેતા કાર્યકારી અધ્યક્ષ નિયુક્ત, પ્રશાંત કુમાર MD અને CEO નિયુક્ત.
- 10 PSB (પબ્લિક સેક્ટર બેંક)નું 4 બેંકમાં મેગામર્જર 1 એપ્રિલ-2020થી અમલમાં. હવેથી ઓરિએન્ટલ બેંક ઓફ કોમર્સ અને યુનાઇટેડ બેંક ઓફ ઇન્ડિયા પંજાબ નેશનલ બેંક તરીકે, આંધ્ર બેંક અને કોર્પોરેશન બેંક યુનિયન બેંક ઓફ ઇન્ડિયા તરીકે અલ્લાહાબાદ બેંક ઇન્ડિયન બેંક તરીકે તથા સિન્ડીકેટ બેંક કેનરા બેંક તરીકે ઓળખાશે.
- અમેરિકામાં ભારતીય ન્યુઝપેપર 'ઇન્ડિયા એબ્રોડ'એ 50 વર્ષ બાદ પ્રિન્ટ એડીશન બંધ કરી.
- જાપાનની ફાઇનાન્સ કંપની JICAએ રેલવે પ્રોજેક્ટ માટે ભારત સાથે MoU કર્યા.
- સૂર્યના વિશાળકાય સૌર તોફાનોના અધ્યયન તથા સૌર પ્રણાલીના કાર્યનું અધ્યયન કરવા માટે NASAએ સન રેડિયો ઇન્ટરફેરોમીટર સ્પેસ એક્સપેરીમેન્ટ (SunRISE) મિશનની ઘોષણા કરી.
- IAG (ઈન્સ્યોરન્સ ઓસ્ટ્રેલિયા જનરલ)એ SBI જનરલ ઈન્સ્યોરન્સમાં પોતાની પૂર્ણ 26% ભાગીદારી પ્રેમજી ઇન્વેસ્ટ એન્ડ વોરબર્ગ પિન્કસ ગૃપને વેચી.

## 2 એપ્રિલ

- ટાટા પાવરની ક્લીન એનર્જી ઇન્વેસ્ટ (CEI), નોર્વે અને ઇન્ટરનેશનલ ફાઇનાન્સિયલ કોર્પોરેશન (IFC)ની જોઈન્ટ વેન્ચર કંપની Adjaristsqali Georgia LLCએ જ્યોર્જિયામાં 178 મેગાવોટના શુઆખેવી હાઇડ્રો પાવર પ્રોજેક્ટની શરૂઆત કરી.
- અમેરિકાની ગ્લોબલ હેલ્થકેર કંપની એબોટ લેબોરેટરીઝે માત્ર 5 મિનિટમાં જ COVID19નો ટેસ્ટ કરી આપતું ડિવાઇસ લોન્ચ કર્યું. આ કોરોના વાયરસનો પોઝીટીવ રીઝલ્ટ માત્ર 5 મિનિટમાં અને નેગેટીવ ટેસ્ટનું રીઝલ્ટ 13 મિનિટમાં આપશે.
- ગુજરાત સરકારે લોકડાઉન બાદ 3થી 8 ધોરણના વિદ્યાર્થીઓ માટે ઘરે જ શિક્ષણ આપવાનો નિર્ણય કર્યો. વિદ્યાર્થીઓને વ્હોટ્સએપ સહિત વિવિધ સોશિયલ મિડિયા પ્લેટફોર્મનો ઉપયોગ કરીને સાપ્તાહિક શિક્ષણ સામગ્રી આપવામાં આવશે.
- કેન્દ્રએ PPFના વ્યાજદરમાં ઘટાડો કરીને 7.1% કર્યો, જ્યારે સુકન્યા સમૃદ્ધિ યોજનાનો વ્યાજદર ઘટાડીને 7.6% કર્યો.

- કેન્દ્રએ 1 ફેબ્રુઆરી-2020થી સમાપ્ત થયેલ ડ્રાઈવિંગ લાઈસન્સ, પરમિટ અને રજિસ્ટ્રેશન જેવા ડોક્યુમેન્ટ્સની સમયમર્યાદા વધારીને 30 જૂન-2020 સુધી વધારી.
- સિનિયર ઓફિસર સુધીર રાજકુમારે UN સેક્રેટરી-જનરલના ભારતીય પ્રતિનિધિ પદેથી રાજીનામું આપ્યું.
- RBIના ડેપ્યુટી ગવર્નર બી. પી. કાનુંગોનો કાર્યકાળ એક વર્ષ માટે વધારવામાં આવ્યો.
- ભારત સરકારે 31 માર્ચ-2020ના રોજ સમાપ્ત થતી 5 વર્ષીય ફોરેન ટ્રેડ પોલિસી (FTP)ની સમય મર્યાદા 31 માર્ચ-2021 સુધી વધારી.

## 3 એપ્રિલ

- ભારતીય પર્યટન વિભાગે કોરોનાવાયરસને લીધે દેશના વિવિધ ભાગોમાં ફસાયેલા વિદેશી પર્યટકોની મદદ માટે strandedinindia.com નામનું પોર્ટલ શરૂ કર્યું.
- ભારતના મહાન શિક્ષણવિદ અને ઈતિહાસકાર પ્રોફેસર અર્જુનદેવનું નિધન. તેમણે NCERTમાં આધુનિક અને સમકાલીન ભારત અને વિશ્વ વિષે એક ઇતિહાસકાર તરીકે ઘણાં લોકપ્રિય પાઠ્યપુસ્તક લખ્યાં.
- અમેરિકન કંપની જોહ્નસન એન્ડ જોહ્નસન COVID-19ની વેક્સીનનું પરીક્ષણ કરશે.
- IIT-કાનપુરના એન્જિનિયર્સની ટીમે COVID19ના પ્રકોપનો સામનો કરવા માટે સૌથી સસ્તા પોર્ટેબલ વેન્ટીલેટરની ડીઝાઇન તૈયાર કરી છે.
- લક્ષ્મીનારાયણન દુરાઈસ્વામી સુંદરમ હોમ ફાયનાન્સના નવા MD નિયુક્ત.

## 4 એપ્રિલ

- ભારત સરકારે COVID19ને ટ્રેક કરવાના ઉદ્દેશ્યથી 'આરોગ્ય સેતુ' નામની મોબાઈલ એપ્લીકેશન વિકસાવી. આ એપ જો કોઈ વ્યક્તિ COVID19 સંક્રમિત વ્યક્તિથી છ ફૂટના અંતરના સંપર્કમાં આવેતો તેને સાવધાન કરશે.
- અમૃતસર સુવર્ણમંદિરના પૂર્વ 'હજૂરી રાગી' પદ્મશ્રી ભાઈ નિર્મલ સિંઘ ખાલસાનું COVID19ને કારણે મૃત્યુ.
- દિલીપકુમાર પટેલ નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન (NTPC)ના ડિરેક્ટર-HR નિયુક્ત.
- બ્રિટનના બોબ વેટનને (ઉમર-112 વર્ષ) દુનિયાના સૌથી વૃદ્ધ (પુરુષ) તરીકે ગિનીઝ બુકમાં સ્થાન મળ્યું. જાપાનના ચિતેત્સુ વોટનેબ (112 વર્ષ-355 દિવસ)ના મૃત્યુ બાદ તેમનું નામ આ રેકોર્ડ માટે નોંધાયું.
- કોરોના વાયરસના કારણે ફિચ રેટિંગ્સે વર્ષ 2020-21 માટે ભારતના વિકાસદરનું અનુમાન 5.1%થી ઘટાડીને 2% કર્યું.

- એશિયન ડેવલપમેન્ટ બેંક (ADB)એ ભારતીય અર્થવ્યવસ્થાના વૃદ્ધિદરને ઘટાડીને 4% કર્યું.

## 5 એપ્રિલ

- દુનિયામાં સૌથી વધુ વિદેશી મુદ્રા ભંડાર (ફોરેન એક્સચેન્જ રિઝર્વ) ધરાવતા દેશોની સૂચિમાં ભારત 475.56 અબજ ડોલર સાથે 8મા ક્રમે. ચીન પ્રથમ ક્રમે.
- ભારતીય મૂળનાં વિશ્વપ્રસિદ્ધ વાયરોલોજિસ્ટ ગીતા રામજીનું સાઉથ આફ્રિકામાં કોરોના વાયરસને કારણે નિધન. તેઓ સાઉથ આફ્રિકન મેડિકલ રિસર્ચ કાઉન્સિલ (SAMRC)ના HIV પ્રિવેન્શન યુનિટનાં પ્રિન્સીપલ ઇન્વેસ્ટીગેટર હતાં.
- ઓલિમ્પિક કાઉન્સિલ ઓફ એશિયાએ હોંગઝોઉ (ચીન)માં યોજાનાર 19મી એશિયન ગેમ્સ-2022ના ઓફિસિયલ મેસ્કોટ તરીકે 'ધ સ્માર્ટ ટ્રિપલેટ્સ' જાહેર કર્યું. આ ત્રણ કોંગકોંગ, લિયનલિયન અને ચેનચેન નામના ત્રણ રોબોટ્સ છે.
- એશિયન યુથ ગેમ્સ-2021 ચીનના શાન્તાઉમાં યોજાશે.
- ગુજરાત સરકારે રજીસ્ટર્ડ ગૌશાળાના પશુધનને બચાવવા માટે પશુ દીઠ દૈનિક 25 રૂપિયાની સહાય આપવાની ઘોષણા કરી.
- DRDOએ COVID19નો ઈલાજ કરી રહેલા મેડિકલ, પેરામેડિકલ અને અન્ય કર્મચારીઓ માટે એક બાયોશૂટ વિકસાવ્યો.
- UNએ 5 એપ્રિલને ઇન્ટરનેશનલ ડે ઓફ કોન્શન્સ (આંતરરાષ્ટ્રીય ચેતના દિવસ) જાહેર કર્યો. 5 એપ્રિલ-2020 પ્રથમ ઇન્ટરનેશનલ ડે ઓફ કોન્શન્સ.

## 6 એપ્રિલ

- ન્યાયમૂર્તિ રાજેશ ઓસવાલ જમ્મુ-કાશ્મીર અને લદ્દાખ હાઈકોર્ટના પ્રથમ ન્યાયાધીશ નિયુક્ત.
- સ્વર્ગસ્થ કોબ બ્રાયન્ટ નેસ્મિથ મેમોરિયલ બાસ્કેટબોલ હોલ ઓફ ફ્રેમમાં સામેલ. બાસ્કેટબોલનો આવિષ્કાર કરનાર કેનેડિયન ડોક્ટર જેમ્સ નેસ્મિથના નામ પર હોલ ઓફ ફ્રેમનું નામ રાખવામાં આવ્યું.
- સિવિલ સર્વિસીસ એસોસિએશન્સએ કોરોના વાયરસ સામે લડવાના સરકારી પ્રયાસોને સમર્થન આપવા માટે 'CARUNA' નામની પહેલ શરૂ કરી.
- કોરોનાને કારણે ભારતમાં યોજાનાર FIFA U-17 મહિલા વિશ્વકપનું આયોજન નવેમ્બર-2020 સુધી સ્થગિત.
- પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PM-JAY) અંતર્ગત 50 કરોડથી વધુ ગરીબોને COVID-19ના પરીક્ષણ અને ઈલાજ માટે મફત સુવિધા મળશે.

- ભારતીય રેલવેએ કપૂરથલા રેલ ફેક્ટરીમાં ઓછા ખર્ચે 'જીવન' વેન્ટીલેટર્સનું નિર્માણ કર્યું.
- કોરોનાની મહામારીને કારણે પૂર્વ એશિયા અને પ્રશાંત ક્ષેત્રના લગભગ 11 મિલિયન લોકો ગરીબી રેખા નીચે આવવાની સંભાવના.

## 7 એપ્રિલ

- ભારત અને ચીન વચ્ચેના રાજનયિક સંબંધોનાં 70 વર્ષ પૂર્ણ. 1 એપ્રિલ-1950ના રોજ ભારત એશિયામાં ચીન સાથે રાજનયિક સંબધ સ્થાપિત કરનાર પ્રથમ બિન-સામ્યવાદી દેશ બન્યો. આ નિમિત્તે યોજાનાર 70 આયોજનો કોરોના મહામારીને કારણે મોકૂફ.
- ભારતીય રેલવેની ચિત્તરંજન લોકોમોટિવ વર્ક્સએ વર્ષ 2019-20ના સમયગાળામાં 431 એન્જિન બનાવીને રાષ્ટ્રવ્યાપી કોરોના લોકડાઉન દરમ્યાન વિશ્વમાં સૌથી વધુ એન્જિન બનાવવાનો રેકોર્ડ બનાવ્યો.
- 'લાઇફલાઈન ઉડાન પહેલ' અંતર્ગત લોકડાઉન દરમ્યાન દેશભરમાં મેડિકલ કાર્ગોનું પરિવહન.
- ઓરિસ્સા સરકારે UNICEFના સહયોગથી લોકડાઉન દરમ્યાન ઘરમાં રહેલ બાળકો અને યુવાનો માટે ઓનલાઇન સ્પર્ધાત્મક કાર્યક્રમ 'મો પ્રતિભા' શરૂ કર્યો.
- નેશનલ કેડેટ કોર્પ્સ (NCC)એ COVID-19 સામે લડી રહેલા દેશના સિવિલ ઓફિસર્સની મદદ કરવા માટે 'અભ્યાસ NCC યોગદાન' પહેલ અંતર્ગત પોતાના કેડેટ્સની સેવાઓ વધારી.
- ઓરિસ્સાના મુખ્યમંત્રી નવીન પટનાયક પ્રાણીઓ પ્રત્યે દયા દાખવવા માટે PETA ઇન્ડિયા દ્વારા 'હીરો ટૂ એનિમલ્સ એવોર્ડ'થી સન્માનિત.

## 8 એપ્રિલ

- નીરજ બસ્સી હવાસ ગ્રુપ ઇન્ડિયાના ચીફ સ્ટ્રેટેજી ઓફિસર નિયુક્ત.
- વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા ધરાવતા જાપાનમાં COVID-19ને કારણે 6 મે-2020 સુધી કટોકટી જાહેર કરાઈ.
- COVID-19 પર કામ કરી રહેલા સ્ટાર્ટઅપ્સ માટે ભારત સરકારે CAWACH (Centre for Augmenting WAR with COVID-19 Health crisis) ની સ્થાપના કરી.
- ઇન્ફોસિસના ચીફ ઓપરેશન ઓફિસર યુ. બી. પ્રવીણ રાવ વર્ષ 2020-21 માટે નેશનલ એસોસિએશન ઓફ સોફ્ટવેર એન્ડ સર્વિસીસ કંપનીઝ (NASSCOM)ના ચેરમેન નિયુક્ત.
- ભારત સરકાર સાંસદોના પગાર, ભથ્થા અને પેન્શનમાં 1 એપ્રિલથી એક વર્ષ માટે 30%નો ઘટાડો કરશે.

- રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને રાજ્યોના રાજ્યપાલ 1 એપ્રિલથી એક વર્ષ માટે પોતાના પગારમાંથી સ્વૈચ્છિક રીતે 30% કપાવવા સહમત.
- અનુરાગ શ્રીવાસ્તવ વિદેશ મંત્રાલયના નવા પ્રવક્તા (સ્પોક્સપર્સન) નિયુક્ત.
- મલેશિયા અને થાઈલેન્ડના વેઇટલિફ્ટર્સ પર ટોક્યો ઓલિમ્પિક-2020 માટે પ્રતિબંધ. ડોપિંગ વાયોલેશન્સને કારણે થાઇ એમેચ્યોર વેઇટલિફ્ટિંગ એસોસિએશન (TAWA) ત્રણ વર્ષ માટે અને મલેશિયન વેઇટલિફ્ટિંગ ફેડરેશન (MWF) એક વર્ષ માટે સસ્પેન્ડ.

## 9 એપ્રિલ

- ભારતે હાઈડ્રોક્સીક્લોરોક્વીન અને પેરાસિટામોલની નિકાસ પર મુકેલ પ્રતિબંધ હટાવતાં એવા દેશોમાં નિકાસ કરવામાં આવશે, જેમણે પહેલેથી જ આ દવાઓના ઓર્ડર આપ્યા હોય.
- બ્રિટનના વડાપ્રધાન બોરિસ જોહસન કોરોનાવાયરસને કારણે ICUમાં.
- કેન્દ્ર સરકારની HLL લાઈફકેર લિ.એ COVID-19 માટે 'મેક શ્યોર' નામની એક ઝડપી એન્ટીબોડી ડાઇગ્નોસ્ટિક કીટ વિકસાવી.
- વર્લ્ડ ઈન્ટેલેકચ્યુઅલ પ્રોપર્ટી ઓર્ગેનાઇઝેશન (WIPO) અનુસાર ચીન ઈન્ટરનેશનલ પેટન્ટ ફાઈલિંગમાં અમેરિકાને પછાડીને ટોપ ફાઇલર કન્ટ્રી-2019 બન્યો.
- દક્ષિણ પ્રશાંત દ્વીપ રાષ્ટ્ર વાનુઅતુમાં ઉષ્ણકટીબંધીય ચક્રવાત 'હેરોલ્ડ' ત્રાટક્યું.
- ભારતના બીજા સૌથી અમીર વ્યક્તિ, એવન્યુ સુપરમાર્ટ્સ લિ.ના પ્રમુખ રાધાકિશન દામાણી લોકડાઉન દરમ્યાન આવકમાં વધારો કરનાર એક માત્ર અબજપતિ.

## 10 એપ્રિલ

- માનવ સંસાધન વિભાગના ઇનોવેશન સેલે એક ઓનલાઈન ચેલેન્જ 'સમાધાન' શરૂ કરી. સમાધાનના માધ્યમથી કોરોનાવાયરસ સામે લડવામાં મદદ કરતા નવા વિચારો અને ઇનોવેશન્સને આમંત્રણ આપવામાં આવશે.
- સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન (SMC)ની કોરોનાવાયરસ સામે લડવા માટે સ્માર્ટસિટી મિશન અંતર્ગત સ્થાપિત કરેલ ઇંટીગ્રેટેડ કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટરનો વોર રૂમ (યુદ્ધ કક્ષ) તરીકે ઉપયોગ કરવાની એક અનોખી પહેલ.
- પરાગ રાજા ભારતી એક્સા લાઈફ ઈન્સ્યોરન્સના MD અને CEO નિયુક્ત.
- વિઝડન ક્રિકેટર્સ એલ્મેનેકના વર્લ્ડ્સ લીડીંગ ક્રિકેટર-2020 એવોર્ડ માટે ઇંગ્લેન્ડના ક્રિકેટર બેન સ્ટોક્સની પસંદગી. સ્ટોક્સ વિઝડન દ્વારા સતત ત્રણ વર્ષ સુધી આ સન્માન મેળવનાર વિરાટ કોહલીનું સ્થાન લેશે. જ્યારે ઓસ્ટ્રેલિયાની એલિસ પેરી લીડીંગ વુમન ક્રિકેટર-2020 તરીકે પસંદગી પામી.

- COVID-19ના ઝડપી સંક્રમણને રોકવા માટે અમદાવાદ શહેરને બફર ઝોન ઘોષિત કરાયું.

## 11 એપ્રિલ

- ઇન્ડિયન કાઉન્સિલ ફોર કલ્ચરલ રિલેશન્સ (ICCR)એ કોરોના વાયરસના માહોલ વચ્ચે એક અનોખી કલા પહેલ તરીકે 'યુનાઇટેડ અગેન્સ્ટ COVID' નામની આર્ટ કોમ્પિટિશન શરૂ કરી. આ પહેલ વિશ્વના કોઈ પણ વ્યક્તિને આ અસહજ સમયમાં પોતાને વ્યક્ત કરવાની એક અનોખી તક આપે છે.
- સરકારે બેંક બોર્ડ બ્યુરો (BBB)ના સભ્યોનો કાર્યકાળ બે વર્ષ સુધી વધાર્યો. BBB રાજ્યની બેંકો અને નાણાકીય સંસ્થાઓમાં ટોચના પદોની નિમણૂક કરે છે. ભાનુ પ્રતાપ શર્મા BBBના ચેરમેન તરીકે કાર્ય કરતા રહેશે.
- અમેરિકાના પૂર્વ ઉપરાષ્ટ્રપતિ જો બિડન રાષ્ટ્રપતિના પદ માટે ડેમોક્રેટિક પાર્ટીના ઉમેદવાર બન્યા.
- ઓરિસ્સા 30 એપ્રિલ સુધી લોકડાઉનની સમય મર્યાદા વધારનાર પ્રથમ રાજ્ય બન્યું.
- 11 એપ્રિલ: નેશનલ સેફ મધરહૂડ ડે. ભારત સરકારે કસ્તુરબા ગાંધીના જન્મદિવસને રાષ્ટ્રીય સુરક્ષિત માતૃત્વ દિવસ તરીકે ઉજવવાની ઘોષણા કરી હતી.
- ફોર્બ્સની 'વર્લ્ડ્સ રિચેસ્ટ ઇન 2020' યાદીમાં એમેઝોનના CEO જેફ બેઝોસ પ્રથમ ક્રમે. બિલ ગેટ્સ બીજા ક્રમે.

## 12 એપ્રિલ

- 12 એપ્રિલ: ઇન્ટરનેશનલ ડે ઓફ હ્યુમન સ્પેસ ફ્લાઇટ. ઈ.સ. 1961માં આ દિવસે પ્રથમ માનવ અંતરિક્ષ ઉડાનની યાદમાં ઉજવાય છે. આ દિવસથી માનવ જાતિ માટે અંતરિક્ષ યુગની શરૂઆત થઇ હતી.
- કાઉન્સિલ ઓફ સાયન્ટીફીક એન્ડ ઇન્ડસ્ટ્રીયલ રિસર્ચ (CSIR) અને નેશનલ કેમિકલ લેબ (NCL)એ કોરોના વાયરસના પ્રકોપના શમનમાં મદદ કરી શકે તેવા ડિજિટલ IR થર્મોમીટર અને ઓક્સિજન એનરીચમેન્ટ યુનિટ એમ બે નવાં ઇનોવેશન્સ વિકસાવ્યાં.
- રશિયાના સ્પેસ કોર્પોરેશન ROSCOSMOSના એનાટોલિન ઈવનિશીન અને ઇવાન વેગનર તથા NASAના ક્રિસ કેસિડીએ ક્વોરન્ટાઇન બાદ ઇન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનમાં સફળતાપૂર્વક ડોક કર્યું.
- અનામિકા રોય રાષ્ટ્રવાર IFFCO ટોક્યો જનરલ ઈન્સ્યોરન્સનાં MD અને CEO નિયુક્ત.
- પુલિત્ઝર પ્રાઇઝ વિજેતા તથા ધ વોશિંગ્ટન પોસ્ટની રિપોર્ટર મેરી જોર્ડને 'ધ આર્ટ ઓફ હર ડીલ: ધ અનટોલ્ડ સ્ટોરી ઓફ મેલનિયા ટ્રમ્પ' નામનું પુસ્તક લખ્યું.

- હરિયાણા સરકારે કોરોનાના દર્દીઓની સારવાર કરનાર મેડિકલ સ્ટાફનો પગાર બમણો કરવાનો નિર્ણય કર્યો. આ વધારો કોરોના વાયરસના પ્રકોપના અંત સુધી રહેશે.

## 13 એપ્રિલ

- ગુગલે અંધ લોકો માટે TallBack નામનું એક નવીન વર્ચ્યુઅલ બ્રેલ કી-બોર્ડ લોન્ચ કર્યું.
- માનવ સંસાધન વિકાસ મંત્રી રમેશ પોખરિયાલે એક સપ્તાહ સુધી ચાલનાર ભારત પઢે ઓનલાઈન નામનું અભિયાન શરૂ કર્યું.
- ભારત બાયોટેકએ US બેઝ્ડ કંપની FluGen અને યુનિવર્સિટી ઓફ વિસ્કોન્સિન મેડીસન સાથે COVID-19 માટેની રસી 'CORO-FLU' વિકસાવવા માટે સમજૂતી કરી.
- લેટેસ્ટ FIFA રેન્કિંગમાં ભારતે 108મો ક્રમાંક મેળવ્યો. બેલ્જિયમ પ્રથમ અને ફ્રાન્સ બીજા ક્રમે.
- 13 એપ્રિલ, 2020ના રોજ જલિયાવાલા બાગ હત્યાકાંડના 101 વર્ષ પૂર્ણ. ઈ.સ. 1919માં આ દિવસે જનરલ ડાયરના નેતૃત્વમાં બ્રિટીશ સૈનિકોએ જલિયાવાલા બાગમાં ભેગા થયેલ ભારતીયો પર ગોળીબાર કર્યો હતો.
- બ્રિટિશ વડાપ્રધાન બોરિસ જોહ્સન કોરોનામુક્ત.

## 14 એપ્રિલ

- ઓક્સફર્ડ COVID-19 ગવર્નમેન્ટ રિસ્પોન્સ ટ્રેકર અનુસાર ભારત 100 અંકો સાથે કોરોના સામે સૌથી સખત વલણ અપનાવનાર દેશોમાં સામેલ. ભારત સહિત ઇઝરાયેલ, મોરેશિયસ, ન્યુઝીલેન્ડ અને સાઉથ આફ્રિકા પણ 100 અંકો મેળવનાર દેશો. અમેરિકાને 80 અંક અને UKને 70 અંક.
- ઇન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF)ના MD ક્રીસ્ટેલિના જોર્જિવાએ IMFની એક્સટર્નલ એડવાઇઝરી ગ્રુપમાં RBIના પૂર્વ ગવર્નર રાધુરામ રાજનને સામેલ કર્યા.
- કેન્દ્રએ કોરોના સામે લડવા માટે 15,000 કરોડ રૂપિયાનું ઈમરજન્સી પેકેજ મંજૂર કર્યું.
- ઇન્ડોનેશિયાના અનક ક્રેકટાઉ જ્વાળામુખીમાંથી આકાશમાં 500 મીટરની લંબાઈ વાળા એશ કોલમનું નિર્માણ થયું.
- અમેરિકન બાસ્કેટબોલ પ્લેયર કોબ બ્રાયન્ટની પુસ્તક 'ધ વાઈઝેનાર્ડ સિરીઝ: સિઝન વન'નું મરણોત્તર વિમોચન કરાયું. જાન્યુઆરી-2020માં કોબનું એક હેલીકોપ્ટર દુર્ઘટનામાં તેમની પુત્રી સહિત મૃત્યુ થયું હતું.
- ઇટાલીના મિડલ ડીસ્ટન્સ રનર ડોનાટો સબીયાનું COVID-19થી મૃત્યુ. તેઓ કોરોનાવાયરસથી મરનાર દુનિયાના પ્રથમ ઓલિમ્પિક ફાઇનલિસ્ટ બન્યા.

## 15 એપ્રિલ

- આર. વી. વર્મા AU સ્મોલ ફાયનાન્સ બેંકના નોન-એક્ઝીક્યુટીવ અધ્યક્ષ નિયુક્ત.
- બાંગ્લાદેશના પૂર્વ રાષ્ટ્રપતિ શેખ મુજીબુર રહેમાનના હત્યારા અબ્દુલ મજીદને ફાંસી અપાઈ.
- કર્ણાટક બેંકના MD અને CEO મહાબલેશ્વર એમ. એસ.નો કાર્યકાળ ત્રણ વર્ષ માટે વધારાયો..
- અમદાવાદનું કાલુપુર રેલવે સ્ટેશન માસ સેનિટાઇઝિંગ ટનલ બનાવનાર ઇન્ડિયન રેલવેનું પ્રથમ રેલવે સ્ટેશન બન્યું.
- IIT-બોમ્બેની ટીમે 'ડિજિટલ સ્ટેથસ્કોપ' વિકસાવ્યું, જે દૂરથી જ હૃદયના ધબકારા સાંભળી શકે છે અને રેકોર્ડ કરી શકે છે.
- 15 એપ્રિલ: વર્લ્ડ આર્ટ ડે.
- વડાપ્રધાન મોદીએ સમગ્ર ભારતમાં લોકડાઉનનો સમય 3 મે-2020 સુધી વધાર્યો.
- IMFએ ભારતના વિકાસ દરનું અનુમાન 2020 માટે 1.9% અને 2021 માટે 7.4% કર્યું.

## 16 એપ્રિલ

- HRD મંત્રાલયે પોતાના પ્રયાસો અને પહેલોની દેખરેખ તથા રેકોર્ડ રાખવા માટે એક વેબ પોર્ટલ YUKTI (Young India Combating COVID with Knowledge, Technology and Innovation) લોન્ચ કર્યું.
- KVIC (ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ)એ ટુ-લેયર ખાદી માસ્ક બનાવ્યા.
- સુપ્રિમ કોર્ટ અનુસાર 'આયુષ્માન યોજના'ના લાભાર્થીઓનું જ ખાનગી લેબોરેટરીઝમાં નિ:શુલ્ક COVID-19 ટેસ્ટીંગ થઇ શકશે.
- બિરુપક્ષા મિશ્રા યુનિયન બેંક ઓફ ઇન્ડિયાના નવા એક્ઝીક્યુટીવ ડિરેક્ટર નિયુક્ત.
- ઓલ ઇન્ડિયા ઇન્સ્ટીટ્યુટ ઓફ મેડિકલ સાયન્સીઝ (AIIMS)-ઋષિકેશની ટીમે ભારતની પ્રથમ રિમોટ હેલ્થ મોનિટરિંગ સિસ્ટમ વિકસાવી. આ સિસ્ટમનો ઉત્તરાખંડના COVID-19 દર્દીઓની દેખરેખ માટે થશે.
- એશિયન બોક્સિંગ ચેમ્પિયનશિપ-2020ની મેજબાની ભારત કરશે.

## 17 એપ્રિલ

- ઉત્તરપ્રદેશ COVID-19ના ટેસ્ટિંગની સંખ્યા વધારવા માટે એક સાથે પૂલ ટેસ્ટિંગ શરૂ કરનાર દેશનું પ્રથમ રાજ્ય બન્યું.
- પાકિસ્તાનના પૂર્વ ક્રિકેટર ઝફર સરફરાઝનું કોરોના વાયરસને કારણે મૃત્યુ.

- ગુજરાત બાયો ટેકનોલોજી રિસર્ચ સેન્ટર (GBRC) દ્વારા COVID-19ના જિનોમ સિક્વન્સ (વંશસૂત્ર)ની શોધ, જે કોરોનાની રસીની શોધને વેગ આપશે.
- ગોવા COVID-19ના દર્દીઓ માટે આયુર્વેદનો ઉપયોગ કરનાર પ્રથમ રાજ્ય બન્યું.
- કેન્દ્રીય પર્યટન વિભાગે અતુલ્ય ભારતની સંસ્કૃતિ અને વારસાની માહિતી આપવા માટે 'દેખો અપના દેશ' વેબિનાર સિરીઝ શરૂ કરી.
- આરોગ્ય સેતુ મોબાઈલ એપ્લીકેશન 50 મિલિયન ડાઉનલોડ સુધી પહોંચનાર દુનિયાની સૌથી ઝડપી એપ.

## 18 એપ્રિલ

- 18 એપ્રિલ: વિશ્વ ધરોહર દિવસ (વર્લ્ડ હેરિટેજ ડે).
- ICMRએ 4 રાજ્યોમાંથી બે ચામાચિડિયાની પ્રજાતિઓમાં બેટ કોરોનાવાયરસ (BtCoV)ની હાજરી સુનિશ્ચિત કરી.
- અજય મહાજન કેર રેટિંગ્સના MD અને CEO નિયુક્ત.
- અલ્જીરિયન લેખક અબ્દેલોહાબ અઇસાઉઇને તેમની નવલકથા 'ધ સ્પાર્ટન કોર્ટ' માટે IPAF (ઇંટરનેશનલ પ્રાઈઝ ફોર આરબ ફિક્શન) પુરસ્કાર.
- એમેઝોનના ફાઉન્ડર અને CEO જેફ બેઝોસ ફોર્બ્સના એન્યુઅલ વર્લ્ડ્સ બિલિયોનર્સ લિસ્ટમાં 113 બિલિયન ડોલર્સની સંપત્તિ સાથે પ્રથમ.
- ટૂર ડી ફ્રાન્સ સાઈક્લિંગ રેસ ઓગસ્ટ-2020 સુધી મોકૂફ.
- વિનીત અરોરા પેટીએમ જનરલ ઈન્સ્યોરન્સના MD અને CEO નિયુક્ત.
- અમેરિકાએ ભારતને કરવામાં આવનાર એન્ટી-શિપ મિસાઈલ્સ અને ટોરપીડોના વેચાણને મંજૂરી આપી.
- RBIએ રિવર્સ રેપો રેટ 0.25% ઘટાડીને 3.75% કર્યો. રેપો રેટ 4.40%એ યથાવત. બેંકો માટેનો લિક્વિડીટી કવરેજ રેશિયો (LCR) 100%થી ઘટાડીને 80% કર્યો.

## 19 એપ્રિલ

- ટાટા પાવરે 'Club Enerji #Switchoff2SwitchOn' નામના સામાજિક અભિયાન માટે એડિસન એવોર્ડ જીત્યો.
- ભારતીય ક્રિકેટર એમ. એસ. ધોની પોકર સ્ટાર્સ ઇન્ડિયાના બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત.
- ગાર્ટનર-2019 ડિજિટલ વર્કપ્લેસ સર્વે મુજબ ભારત દુનિયાનો સૌથી ડિજિટલ એક્સપર્ટ દેશ.
- દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ મૂન જે ઇનની ડેમોક્રેટિક પાર્ટી અને તેમની સહયોગી પાર્ટીએ ચૂંટણી જીતી.

- ઓક્ટોબર-2022માં યોજાનાર હાંગઝોઉ એશિયન પેરા ગેમ્સ માટેનું મેસ્કોટ (શુભંકર) 'ફેઈફી'નું અનાવરણ.
- ભારતીય ચેસ ખેલાડી વિશ્વનાથન આનંદ વર્લ્ડ વાઈડ ફંડ ઇન્ડિયાના પર્યાવરણ શિક્ષા કાર્યક્રમના એમ્બેસેડર નિયુક્ત.
- BSNLના CMD પી. કે. પુવારને MTNLના CMD તરીકેનો વધારાનો કાર્યભાર સોંપાયો.
- BCCIએ COVID-19ને કારણે IPL-2020 અચોક્કસ સમય માટે નિલંબિત કરી.

## 20 એપ્રિલ

- 20 એપ્રિલ: UN ચાઇનીઝ લેંગ્વેજ ડે.
- તમસ અઝાને ઇન્ટરનેશનલ વેઇટલિફ્ટિંગ ફેડરેશન (IWF)ના અધ્યક્ષ પદેથી રાજીનામું આપ્યું.
- નાઈઝીરીયાના રાષ્ટ્રપતિ મુહમ્મદુ બુહારીના ચીફ ઓફ સ્ટાફ અબ્બા ક્યારીનું COVID-19થી નિધન.
- રાજસ્થાન COVID-19નું રેપિડ ટેસ્ટિંગ કરનાર દેશનું પ્રથમ રાજ્ય બન્યું.
- ઇન્ડિયન-અમેરિકન ડેમોક્રેટિક કોંગ્રેસી રો ખન્ના વ્હાઈટ હાઉસ COVID-19 એડવાઈઝરી કાઉન્સિલમાં સામેલ.
- વર્લ્ડ હેરિટેજ ડેના દિવસે કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રાલયે નેશનલ લિસ્ટ ઓફ ધ ઇન્ટેન્જિબલ કલ્ચરલ હેરિટેજ ઓફ ઇન્ડિયાની 101ની યાદી જાહેર કરી, જેમાં ગુજરાતમાંથી પાટણના પટોળા, સંખેડાના લાકડાકામ અને રાઠવાની ઘેર (આદિવાસી લોકનૃત્ય)નો સમાવેશ છે.
- ભારતીય ક્રિકેટર રોહિત શર્મા દુબઈ સ્થિત ક્રિકેટ એકેડમી 'CricKingdom'ના બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત.
- સ્વિત્ઝરલેન્ડે સ્વિસ આલ્પ્સમાં પ્રસિદ્ધ મેટરહોર્ન પર્વત પર ભારતનો ત્રિરંગો દર્શાવીને કોરોનાવાયરસ મહામારી વિરુદ્ધના સંગ્રામમાં ભારત સાથે પોતાનો સમન્વય વ્યક્ત કર્યો.

## 21 એપ્રિલ

- ભારતની ત્રીજી સૌથી મોટી મોટરસાઈકલ કંપની TVS મોટર્સ કંપનીએ UKની 122 વર્ષ જૂની મોટરસાઈકલ કંપની 'નોર્ટન' (Norton)નું અધિગ્રહણ કર્યું. TVS મોટર્સના CEO કે. એન. રાધાક્રિષ્ણન છે.
- સ્પોર્ટ્સ જર્નાલિસ્ટ વી. ક્રિષ્નાસ્વામી દ્વારા લેખિત પુસ્તક 'શટલિંગ ટુ ધ ટોપ: ધ સ્ટોરી ઓફ પી. વી. સિંધૂ'નું અનાવરણ.
- પુણેની અઘરકર રિસર્ચ ઇન્સ્ટીટ્યુટ દ્વારા પેથોજન્સ ઝડપી ડિટેક્શન માટે 'બગ સ્નિફર' નામના ડિવાઈસની શોધ.

- ITTF વર્લ્ડ રેન્કિંગ-2020 મુજબ અચંતા શરથ કમલ સર્વોચ્ચ પુરુષ ભારતીય ટેબલ ટેનિસ ખેલાડી. ગ્લોબલ સિનિયર મેન્સ રેન્કિંગમાં 31મા ક્રમે.
- 21 એપ્રિલ. નેશનલ સિવિલ સર્વિસીસ ડે.

## 22 એપ્રિલ

- ટાટા AIA લાઈફ ઈન્સ્યોરન્સ તેના પોલિસી હોલ્ડર્સને કોઈ પણ વધારાના ચાર્જિસ વગર COVID-19 સંબંધી 5 લાખ રૂપિયા સુધીનો વધારાનો લાભ આપનાર પ્રથમ કંપની.
- ફેસબુકે અફવાઓના પ્રચારને રોકવા માટે બાંગ્લાદેશમાં થર્ડ પાર્ટી ફેક્ટ ચેકિંગ સિસ્ટમ શરૂ કરી.
- દક્ષિણ આફ્રિકાના પૂર્વ ક્રિકેટ કેપ્ટન ગ્રીમ સ્મિથ ક્રિકેટ સાઉથ આફ્રિકાના ડિરેક્ટર નિયુક્ત.
- 22 એપ્રિલ: અર્થ ડે. (પૃથ્વી દિવસ) UNESCOએ ઈ.સ. 1970થી આ દિવસ ઉજવવાની શરૂઆત કરી.
- ચીનમાં વિશ્વનું સૌથી મોટું ફૂટબોલ સ્ટેડિયમ બનશે, જે કમળના આકારનું હશે.
- ટોમ એન્ડ જેરી કાર્ટૂન કેરેક્ટર્સના સર્જક ઓસ્કાર વિજેતા જિન ડાઈચનું નિધન.
- અમદાવાદની SVP હોસ્પિટલમાં કોરોનાના દર્દી માટેનું દેશનું પ્રથમ પ્લાઝમા રિસર્ચ સેન્ટર બનશે.
- ગોવા COVID-19થી મુક્ત થનાર પ્રથમ રાજ્ય બન્યું, બીજા ક્રમે મણિપુર રાજ્ય. ગોવાના મુખ્યમંત્રી પ્રમોદ સાવંત છે.

## 23 એપ્રિલ

- પૂર્વ IAS અધિકારી કપિલ દેવ ત્રિપાઠી રાષ્ટ્રપતિના નવા સચિવ નિયુક્ત.
- BMW ઈન્ડિયાના CEO અને ચેરમેન રૂદ્રરાજ સિંઘનું નિધન. તેઓ BMW ઈન્ડિયા ઓપરેશન્સના હેડ બનનાર પ્રથમ ભારતીય હતા.
- ફેરારીના ડ્રાઈવર ચાર્લ્સ લેક્લેર્કે ફોર્મ્યુલા વન એસ્પોર્ટ્સ ચાઇનીઝ વર્ચ્યુઅલ ગ્રાન્ડ પ્રિક્સનું ટાઈટલ જીત્યું.
- દીપાંકર દત્તા બોમ્બે હાઈ કોર્ટના, બિશ્વનાથ સોમાદ્દેર મેઘાલય હાઈ કોર્ટના અને મોહમ્મદ રફિક ઓરિસ્સા હાઈ કોર્ટના ચીફ જસ્ટીસ નિયુક્ત.
- રિલાયન્સ ફાઉન્ડેશન દ્વારા શરૂ કરાયેલ 'મિશન અન્ન સેવા' વૈશ્વિક સ્તરે કોઈ પણ કોર્પોરેટ ફાઉન્ડેશન દ્વારા સૌથી મોટું મફત ભોજન અભિયાન.
- 23 એપ્રિલ: ઈંગ્લિશ લેંગ્વેજ ડે.

- ફેસબુક રિલાયન્સ જિયોની 9.99% ભાગીદારી 43,574 કરોડ રૂપિયામાં ખરીદશે, જેથી ભારતીય ટેકનોલોજી ક્ષેત્રની કંપનીમાં વિદેશી કંપનીનું અત્યાર સુધીનું સૌથી મોટું રોકાણ ગણાશે.

## 24 એપ્રિલ

- ભારતીય અમેરિકન સુદર્શનમ બાબુ અમેરિકાના નેશનલ સાયન્સ બોર્ડમાં સામેલ.
- ભારતના બોર્ડ રોડ ઓર્ગેનાઈઝેશન (BRO)એ અરુણાચલ પ્રદેશમાં સુબનસિરી નદી પર 'દાપોરિજો બ્રિજ'નું નિર્માણ કર્યું. ચીન અને ભારત વચ્ચે LAC સુધી જનાર માર્ગોને જોડવા માટે આ બ્રિજ સ્ટ્રેટેજિક કનેક્ટિવિટમાં સૌથી મહત્વનો છે.
- વર્લ્ડ પ્રેસ ફ્રીડમ ઇન્ડેક્સમાં ભારત 142મા ક્રમે.
- એડમ હિગીનબોથમે પોતાના પુસ્તક 'મિડનાઈટ ઇન ચર્નોબિલ: ધ અનટોલ્ડ સ્ટોરી ઓફ વર્લ્ડસ ગ્રેટેસ્ટ ન્યુક્લિયર ડિઝાસ્ટર' માટે વિલિયમ ઈ. કોલ્બી એવોર્ડ જીત્યો.
- એન. કામાકોડીની સિટી યુનિયન બેંકના MD અને CEO તરીકે પુન:નિયુક્તિ.
- સુધામૂર્તિનું પુસ્તક પ્રથમ વખત બાળકો માટે ઓડિયો સ્વરૂપે પ્રસ્તુત. આ પુસ્તક 'હાઉ ધ અનિયન ગોટ ઇટ્સ લેયર્સ' છે.
- 24 એપ્રિલ: રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ.
- કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનર્સના મોંઘવારી ભથ્થાના વધારા પર જાન્યુઆરી-2020થી એક વર્ષ સુધી રોક લગાવાઈ.
- ભારત સરકારે એપિડેમિક ડિસીઝીસ એક્ટ -1897માં સુધારો કરીને સ્વાસ્થ્ય સેવા કર્મીઓ સાથે ગેરવર્તણૂક કે હિંસા કરનાર આરોપી માટે 3 માસથી 5 વર્ષ કેદની સજા અને 50 હજાર રૂપિયાથી બે લાખ રૂપિયા સુધી દંડ તથા ગંભીર નુકસાન કરનાર આરોપી માટે 6 માસથી 7 વર્ષ કેદની સજા અને એક લાખથી 5 લાખ રૂપિયાના દંડની જોગવાઈ કરી.
- માઈક્રોસોફ્ટ COVID-19ના ઉપચારની શક્યતા શોધવા માટે એક પ્લાઝમાબોટ લોન્ચ કરશે.
- નાસાના 'માર્સ ક્યુરિયોસિટી' રોવરે મંગળની માટીમાંથી ત્યાં જીવન હોવાના પૂરાવા શોધ્યા.

## 25 એપ્રિલ

- સ્વિડનની લક્ઝરી વાહનો બનાવતી કંપની વોલ્વોએ ભારે વાહનોની ફ્યુઅલ સેલ સિસ્ટમ વિકસિત કરવા માટે ડેમલર (મર્સિડીઝ)ના ટ્રક ડિવિઝન સાથે ભાગીદારી કરી.
- ડેવિડ લી હુવેઇ ટેલિકોમ ઇન્ડિયાના CEO નિયુક્ત.
- વર્લ્ડ ચેમ્પિયન પી. વી. સિંધૂ બેડમિન્ટન વર્લ્ડ ફેડરેશનના અભિયાન 'આઈ એમ બેડમિન્ટન'ની બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત.

Crack GPSC

- NASAએ ભારતમાં વાયુ પ્રદૂષણ છેલ્લા 20 વર્ષના સૌથી નીચા સ્તરે પહોંચ્યું હોવાની ઘોષણા કરી.
- ભારતની જાયન્ટ IT કંપની TCS ઇઝરાયેલની પ્રથમ પૂર્ણ ડિજિટલ બેંક લોન્ચ કરશે.
- બજાજ ઓટોના એક્ઝીક્યુટીવ ડિરેક્ટર રાકેશ શર્મા ઇન્ટરનેશનલ મોટરસાઇકલ્સ મેન્યુફેક્ચરર્સ એસોસિએશન (IMMA)ના પ્રેસીડેન્ટ નિયુક્ત.
- સરકારે એક વર્ષ સુધી ઇન્સોલ્વન્સી એન્ડ બેંકરપ્સી કોડ (IBC)ની જોગવાઈઓને સ્થગિત કરવાનો નિર્ણય લીધો.
- ટેકનોલોજી કંપની બારકો ઇન્ડિયા ગ્રેટ પ્લેસ ટુ વર્ક ઇન્સ્ટીટ્યુટ દ્વારા 'ગ્રેટ પ્લેસ ટુ વર્ક' તરીકે માન્ય.

## 26 એપ્રિલ

- લેબનોન સરકારે ઔષધ અને ઔદ્યોગિક ઉપયોગ માટે ભાંગની ખેતીને કાયદેસર બનાવવા માટે એક કાયદાને માન્યતા આપી. લેબનોન ભાંગની ખેતીને કાયદેસર માન્યતા આપનાર પ્રથમ આરબ દેશ બન્યો.
- ઇઝરાયેલના ઉધમી ઉરી લેવાઈન ઇન્ફોસિસના એક ઇન્ડીપેંડન્ટ ડિરેક્ટર નિયુક્ત.
- ઈરાને પોતાનો પ્રથમ સૈન્ય ઉપગ્રહ 'નૂર' (લાઈટ) સફળતાપૂર્વક લોન્ચ કર્યો.
- ઉત્તરપ્રદેશ બધા જ ન્યાયાલયોમાં વિડીઓ કોન્ફરન્સિંગનું ઇન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરનાર પ્રથમ રાજ્ય બન્યું.
- 26 એપ્રિલ: વર્લ્ડ ઇન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી ડે.
- 26 એપ્રિલ: ઇન્ટરનેશનલ ચર્નોબિલ ડિઝાસ્ટર રીમેમ્બ્રન્સ ડે.
  - ઈ.સ. 1986માં આ દિવસે રશિયાના ચર્નોબિલમાં વિશ્વની અત્યાર સુધીની સૌથી મોટી પરમાણુ વિપદા સર્જાઇ હતી.
  - UNએ આ ડિઝાસ્ટરના પરિણામો અને પરમાણુ ઊર્જાના જોખમ વિષે જાગૃતિ વધારવાના હેતુથી ઈ.સ. 2016થી દર વર્ષે આ દિવસ ઉજવવાની શરૂઆત કરી.
- ભુવનેશ્વરની ઇન્સ્ટીટ્યુટ ઓફ મિનરલ્સ એન્ડ મટિરિયલ્સ ટેકનોલોજીએ પગથી સંચાલિત વોશ બેસિન બનાવ્યું, જે મુંબઈના ધારાવી વિસ્તારમાં મૂકવામાં આવશે.
- 16 વર્ષીય ઇરાની રેફ્યુજી અલીરેઝા ફિરોઝાએ વર્લ્ડ ચેસ ચેમ્પિયન મેગ્નસ કાર્લસનને હરાવીને બેંટર બ્લિટ્ઝ કપ-2020 જીત્યો.

## 27 એપ્રિલ

- ઝારખંડના પૂર્વ રાજ્ય મંત્રી એનોશ પક્કાને મની લોન્ડરિંગ બાબતે સાત વર્ષ કેદની સજા.

- ભારતની પ્રથમ COVID-19 સેમ્પલ કલેક્શન મોબાઈલ લેબ 'Mobile BSL-3 VRDL Lab' શરૂ. આ લેબ એક દિવસમાં 1,000 વધુ સેમ્પલ્સ પ્રોસેસ કરવાની ક્ષમતા ધરાવે છે.
- ચાઈનીઝ નેશનલ સ્પેસ એડમિનિસ્ટ્રેશન (CNSA)એ પોતાના પ્રથમ મંગળ એક્સપ્લોર મિશનને તિયાનવેન-1 નામ આપ્યું.
- IIT-દિલ્હી COVID-19ના રિયલ ટાઈમ ડાઈગ્નોસ્ટિક ટેસ્ટ માટે ICMR એપ્રુવલ મેળવનાર પ્રથમ શૈક્ષણિક સંસ્થા બની.
- બર્સન કોહ એન્ડ વોલ્ફ (BCW)ના રિપોર્ટ અનુસાર પોતાના પર્સનલ પેજ પર 45 મિલિયન લાઈક્સ સાથે વડાપ્રધાન મોદી ફેસબુક પર દુનિયાના સૌથી લોકપ્રિય નેતા છે.
- સંજય કોઠારી સેન્ટ્રલ વિજિલન્સ કમિશનર નિયુક્ત.
- CISF (સેન્ટ્રલ ઇન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી ફોર્સ)એ કોરોના વાયરસના ચેપને રોકવા માટે ભૌતિક સ્પર્શ વગર ફાઈલ્સ અને દસ્તાવેજોના મુવમેન્ટ માટે 'ઈ-કાર્યાલય' એપ લોન્ચ કરી.

## 28 એપ્રિલ

- શિવદાસ મીણા HUDCO (હાઉસિંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન લિ.)ના CMD નિયુક્ત.
- ભારત સરકારે બેન્કિંગ સેવાઓને 21 ઓક્ટોબર-2020 સુધી સાર્વજનિક ઉપયોગીતા સેવા જાહેર કરી.
- હાયર એજ્યુકેશન ડીપાર્ટમેન્ટના સેક્રેટરી અમિત ખરેને ઇન્ફોર્મેશન એન્ડ બ્રોડકાસ્ટિંગ ડીપાર્ટમેન્ટના સેક્રેટરી તરીકેનો વધારાનો કાર્યભાર સોંપાયો. ઇન્ફોર્મેશન એન્ડ બ્રોડકાસ્ટિંગ સેક્રેટરી રવિ મિત્તલ સ્પોર્ટ્સ સેક્રેટરી નિયુક્ત.
- તરૂણ બજાજ ડીપાર્ટમેન્ટ ઓફ ફાયનાન્સ અફેર્સના સેક્રેટરી નિયુક્ત.
- સાઉદી આરબના કિંગ સલમાન બિન અબ્દુલઅઝીઝે સગીર વયના ગુનેગારો માટે મૃત્યુ દંડની સજાની જોગવાઈ રદ્દ કરી.
- ઉત્તરપ્રદેશની કિંગ જ્યોર્જ મેડિકલ યુનિવર્સિટી COVID-19ના ઈલાજ માટે પ્લાઝમા ટ્રીટમેન્ટ થેરાપી શરૂ કરનાર દેશની પ્રથમ સરકારી હોસ્પિટલ બની.

## 29 એપ્રિલ

- COVID-19ની સામેની લડાઈને પ્રોત્સાહન આપવા માટે પાકિસ્તાનની મેજબાનીમાં SAARC હેલ્થ મિનીસ્ટર્સની બેઠક વિડીઓ કોન્ફરન્સ દ્વારા યોજાઈ.
- અમેરિકાની ડેમોક્રેટિક નેશનલ કમિટી (DMC)નાં CEO તરીકે નિયુક્ત થનાર પ્રથમ ભારતીય અમેરિકન સીમા નંદાએ પોતાના પદેથી રાજીનામું આપ્યું.

- સ્ટોકહોમ ઇન્ટરનેશનલ પીસ રિસર્ચ ઇન્સ્ટીટ્યુટ (SIPRI)ના રિપોર્ટ અનુસાર સૈન્ય પાછળ ખર્ચ કરનાર વિશ્વના ટોપ-3 દેશોમાં અમેરિકા અને ચીન સહિત ભારત. આ સાથે એશિયાના બે દેશોએ ટોપ-3માં સ્થાન મેળવ્યું.
- બાયોકોન લિ.નાં એક્ઝીક્યુટીવ ચેરપર્સન કિરણ મજૂમદાર શો મેડિસીન મેકર પાવર લિસ્ટ-2020માં ટોપ-20માં સામેલ.
- ભારતીય-અમેરિકન રાજદૂત મનીષા સિંહ OECDમાં આગામી અમેરિકન એમ્બેસેડર નિયુક્ત.

## 30 એપ્રિલ

- બોલીવુડના પ્રસિદ્ધ અભિનેતા પદ્મ શ્રી ઈરફાન ખાનનું કેન્સરથી નિધન.
- પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે 'કરપ્ટ એપ્રોચ'નો રિપોર્ટ કરવામાં નિષ્ફળ રહેવા બદલ બેટ્સમેન ઉમર અકમલ પર ત્રણ વર્ષનો પ્રતિબંધ મૂક્યો.
- ભારતની મિડલ ડિસ્ટન્સ રનર ઝૂમા ખાતુન પર ચાર વર્ષનો પ્રતિબંધ.
- આંધ્ર બેંકના પૂર્વ CMD સુરેશ પટેલ સેન્ટ્રલ વિજિલન્સ કમિશન (CVC)માં વિજિલન્સ કમિશનર નિયુક્ત.
- બોલીવુડના પ્રસિદ્ધ અભિનેતા ઋષિ કપૂરનું કેન્સરથી નિધન.
- ભારતમાં યોજાનાર મેન્સ વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયનશિપ-2021 હવે સર્બિયામાં યોજાશે.






12 પાસ, ગ્રેજ્યુએટ

# સરકારી નોકરી માટેની તૈયારી કરવા હવે બહાર ક્યાંય જવાની જરૂર નથી...

## અમદાવાદ, ગાંધીનગરની શ્રેષ્ઠ ફેકલ્ટીઝ આપના મોબાઈલમાં

લાખો વિદ્યાર્થીઓએ વખાણી
Quality એટલે
Crack GPSC

## ઘરે બેઠાં તૈયારી કરો, મોબાઈલ કે ટેબ્લેટ પરથી

આ એપ ડાઉનલોડ કરી
ફ્રી ડેમો વિડિયો જુઓ,
આપને ખરેખર લાગશે કે
કોઈ ક્લાસ કરવાની જરૂર જ નથી.

કલાસમાં જ ભણતા હોય તેવો અનુભવ




YouTube /Crack GPSC

## એક એપ, બધી પરીક્ષાઓ

UPSC, GPSC Class 1/2, PI, STI, PSI, ગુજ. શિક્ષણ સેવા, હિસાબી અધિકારી, Dy. SO, ડે. મામલતદાર, તલાટી, બિનસચિવાલય કલર્ક, ફોરેસ્ટ ગાર્ડ/ઓફિસર, કોન્સ્ટેબલ, મોટર વાહન નિરીક્ષક, TAT, TET, HTAT, Railway

ગૃહિણીઓ, ક્લાસ જોઈન ન કરી શકતા, સ્કૂલ-કોલેજના અભ્યાસ સાથે તૈયારી કરવા માગતા, અંતરિયાળ વિસ્તારમાં રહેતા, મોંઘી ફી ન ભરી શકતા, મેટ્રો સિટીમાં રહેવાનો ખર્ચ ન કરી શકતા, અપડાઉન કરતાં કરતાં તૈયારી કરવા માગતા, રિવિઝન કરવા માગતા વિદ્યાર્થીઓ માટે ખાસ.

## કોઈપણ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી આટલી સરળ ક્યારેય નહોતી...

## ડાઉનલોડ કરો Crack GPSC એપ અને તૈયારી કરો ગમે ત્યારે, ગમે ત્યાંથી

76000 51070

ક્રેક GPSC